



ગાંધીનગર ટાઉનહૉલ ખાતે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં ભાજપ યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવાનોને માર્ગદર્શન અને નેતૃત્વનો રાહ દર્શાવતા મુખ્યમંત્રીશ્રીએ પ્રેરક ઉદબોધન કર્યું હતું. (તસવીર : દિપક જાની)

# શહેરમાં ટ્રાફીક અવેરનેસનાં ભાગરૂપે બાઈક-કાર રેલી યોજાઈ

## જિલ્લા ટ્રાફિક ટ્રસ્ટ અને વાયુસેનાનાં સહયોગથી રેલીનું આયોજન કરાયું હતું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લા ટ્રાફિક ટ્રસ્ટ અને વાયુસેનાનાં સહયોગથી ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જાહેર વાયુસેના દ્વારા ટ્રાફીક અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્યારે ગળાકાપ હરીફાઈના આધુનિક સમયમાં કોઈને કોઈ કારણોસર વાહન ચાલકો બેફામ ડ્રાઈવીંગ કરતા નજરે પડે છે. તેના સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા. આ રેલી એરફોર્સ ઓફીસથી નીકળી ઘ માર્ગ અને ચ માર્ગ થઈને સચિવાલય તેમજ વિધાનસભા થઈને ૧૧.૩૦ નાં સુમારે એરફોર્સ પાછી ફરી હતી. વિવિધ ફલેગ, જેવી મહત્વની બાબતો અંગે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. લોકોને કાળજીપૂર્વકનું ડ્રાઈવીંગ કરવા માટેની અપીલ પણ કરવામાં આવી હતી.

આવનાર ૧૫મી સપ્ટેમ્બરનાં રોજ



(તસવીર : વિપુલ ચૌહાણ)



જનતાને ટ્રાફિકનાં નિયમો અંગે સભાન કરવાનાં મુખ્ય ઉદ્દેશથી ગાંધીનગરમાં આ રેલી યોજાઈ હતી.

ગાંધીનગર જિલ્લામાં લોકોને વાહન ચલાવવાનાં અને ટ્રાફિક અંગે અવેરનેસ લાવવા માટે જિલ્લા ટ્રાફિક ટ્રસ્ટ અને કારણે જિલ્લામાં અકસ્માતોનાં કિસ્સાઓ ચિંતાજનક રીતે વધી રહ્યાં છે. જેને ધ્યાને રાખીને યોજાયેલી ટ્રાફીક અવેરનેસ અંગેની રેલી ગાંધીનગર એરફોર્સ ઓફીસથી સવારે ૧૦.૩૦ વાગે શરુ થઈ હતી. જેમાં દશ ગાડીઓ અને દશ બાઈક બેનર્સ અને પોસ્ટર પર વિવિધ પ્રકારના ટ્રાફિક અવેરનેસને લગતા સૂત્રો અને ચિત્રો દ્વારા ટ્રાફીકનાં નિયમો સમજાવવા માટે પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમજ દારુનું સેવન કરી વાહન ન ચલાવવું, સીટ બેલ્ટ બાંધવો તેમજ લાઈસન્સને સાથે રાખવા જિલ્લા ટ્રાફીક ટ્રસ્ટ અને વાયુસેનાનાં સહયોગથી જ શાળાનાં વિદ્યાર્થીઓમાં ટ્રાફીક અંગે અવેરનેસ લાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હોવાનું જિલ્લા ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીતે જણાવ્યું છે.

# ગુજરાત : ગુટખા, પાન-મસાલા ઉપર આજથી પ્રતિબંધ અમલી

## પાંચ લાખ રૂપિયા સુધીનો દંડ અને છ મહિનાની જેલની સજા થઈ શકે : ઘણા રાજ્યોની સાથે ગુજરાત પણ સામેલ

અમદાવાદ, તા.૧૦

કેરળ, મધ્ય પ્રદેશ અને બિહારમાં પ્રતિબંધ મૂકાયા બાદ આવતીકાલે ૧૧મી સપ્ટેમ્બરથી ગુજરાતમાં પણ ગુટખા ઉપર પ્રતિબંધ અમલી બનાવવામાં આવનાર છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતાના દિવસના પ્રસંગે તેમના સંબોધનમાં ગુજરાતમાં ગુટખા પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી હતી. હવે આને આવતીકાલથી અમલી બનાવવામાં આવનાર છે. ગુટખા પર પ્રતિબંધ મૂકવાના નિર્ણયની ભારે પ્રશંસા થઈ હતી અને આ નિર્ણયને સારો આવકાર મળ્યો હતો. આવતીકાલથી આને અમલી બનાવવામાં આવ્યા બાદ ગુટખાનું વેચાણ કરતા કારોબારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડશે. આના માટે આનું વેચાણ કરનારને દંડ પણ ફટકારવામાં આવશે. આઠ રાજ્યોમાં ગુટખા પર પ્રતિબંધ મૂકવામાં આવી ચૂક્યો છે. આવતીકાલથી ગુટખાના વેચાણ, સ્ટોક કરવા, ઉત્પાદન કરવા અને વિતરણ કરવા ઉફર સંપૂર્ણપણે પ્રતિબંધ અમલી બનશે. જૂનાગઢમાં સ્વતંત્ર દિવસની ઉજવણી દરમિયાન મોદીએ આ ઐતિહાસિક નિર્ણયની જાહેરાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે તેઓ કેન્સરથી ગુજરાતની યુવા પેઢીને બચાવી લેવા માગે છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે બદામ ખાવા કરતા ગુટખા ખાવા પર વધુ ખર્ચ છે. આનાથી થતા નાણાંકીય નુકસાનને રોકવાની જરૂર છે. ગુજરાત સરકારે ગુટખા પર પ્રતિબંધ મૂકવા સંબંધિત જાહેરનામું ત્રીજી સપ્ટેમ્બરના દિવસે જારી કર્યું હતું. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ટ એક્ટ ૨૦૦૬ની જોગવાઈ મુજબ પ્રતિબંધને કઠોર રીતે અમલી બનાવવામાં આવશે. ઘટક તરીકે નિકોટીન અને તમાકુ સાથે સંકળાયેલી ચીજવસ્તુ પર પ્રતિબંધના ભંગની સ્થિતિમાં છ મહિનાની જેલની સજા કરવામાં આવશે. સાથે સાથે પાંચ લાખ સુધીનો દંડ કરવામાં આવશે. જો કે આ પ્રતિબંધ ૧૦૦ ટકા નિકાસલક્ષી યુનિટો ઉપર લાગુ થશે નહીં. ટાટા મેમોરિયલ હોસ્પિટલમાં કરવામાં આવેલા સંશોધનનો ઉલ્લેખ કરતા જાહેરનામામાં જણાવવામાં આવ્યું હતું કે ગુટખા અને પાનમસાલાના વપરાશથી કેન્સરનો ખતરો અનેકગણો વધી જાય છે. ઘણા રાજ્યો પ્રતિબંધ મૂકી ચૂકી છે જ્યારે રાજસ્થાન સરકારે ગયા મહિને જ પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો હતો.

## શબ્દાવલી - ૪૮૪૦

| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|---|---|
| ૭ | | ■ | ૮ | | | | |
| ૯ | | | | ■ | ૧૦ | | |
| ૧૧ | | ■ | ૧૨ | | ■ | | ■ |
| ■ | ■ | ૧૩ | | ■ | ૧૪ | | ૧૫ |
| ૧૬ | ૧૭ | | | ■ | | ■ | |
| ૧૮ | | | ■ | ૧૯ | | ૨૦ | |
| ૨૧ | | | ■ | ૨૨ | | | |

**આડી ચાવી**

૧. અર્થ, સાર (૪)
૪. દયા, કૃપા (૩)
૭. ગાગર, હાંડો (૨)
૮. લલ્લુ-પંજુ (૫)
૯. જૈનોને જપવાનો મંત્ર (૪)
૧૦. જરાકનું હિન્દી (૩)
૧૧. કિનારો, આરો (૨)
૧૨. આમળો, આંટો (૨)
૧૩. ચુનીને... પણ કહેવાય (૨)
૧૪. ... કરવી, ખૂન કરવું - મારી નાખવું (૩)
૧૬. માસિક પગાર કે વેતન (૪)
૧૮. પહોળું, ખુલતું (૩)
૧૯. ... કયું તુમ્હે ચાહે (૪)
૨૧. કેડ, કટી (૩)
૨૨. 'ઈજાજત' શબ્દ અસ્તવ્યસ્ત છે (૪)

**ઊભી ચાવી**

૧. શ્રમ (૪)
૨. તલ અને ગોળને વાટે તે (૪)
૩. ડાકુ (૬)
૪. જંગલીયત (૫)
૬. રાજા, બાદશાહ (૩)
૧૩. વિષયેચ્છાથી આતુર (૪)
૧૪. કરકસર (૪)
૧૫. ધિક્કારનો ઉર્દૂ શબ્દ પણ પ્રચલિત છે (૪)
૧૬. ચમક..., દમકાટ (૩)
૧૭. બે.... નો સરવાળો કરો (૩)
૧૯. ટેબલ (૨)
૨૦. મોજ, આનંદ (૨)

**શબ્દાવલી ૪૮૩૯ના જવાબ**

**આડી ચાવી :-** (૧) આસોપાલવ (૫) વાડી (૭) કાનૂન (૮) ઢમઢોલ (૧૧) ગંગાસ્વરૂપ (૧૪) પાડ (૧૫) રૂડી રૂપાળી (૧૭) ખેપ (૧૮) ખયાલ (૨૦) પારાવાર (૨૧) પતન (૨૨) આવરણ

**ઊભી ચાવી :-** (૧) આકાશગંગા (૨) સોનું (૩) પાન (૪) વઢ (૫) વાઢો (૬) ડીલ (૯) મઢ (૧૦) ગારૂડી (૧૨) સ્વરૂપવાન (૧૩) પરૂ (૧૪) પાળીયા (૧૬) પાખ (૧૭) ખેરાત (૧૯) લસણ (૨૦) પાપ

# કલોલમાં રસ્તા બનાવવાના મામલે સોસાયટીની મહિલાઓએ હંગામો મચાવ્યો

## રેતી-કપચી ઠાલવી દીધાને મહિનાઓ બાદ પણ કામગીરી હાથ પર લેવાઈ નથી : કોન્ટ્રાક્ટરને નોટીસ ફટકારાશે

કલો, તા. ૧૦

કલોલ તાલુકાના કલ્યાણપુરાના સોમનાથનગર-૧ સોસાયટીનો રસ્તો બનાવવા ફળવાઈ ગયેલી ગ્રાન્ટ બાદ કોન્ટ્રાક્ટર દ્વારા રેતી-કપચી સોસાયટીમાં ઠાલવી દીધી હતી પરંતુ આજ દિન સુધી તેનું કામ ચાલુ કરવા માટે હીલચાલ પણ કરવામાં ન આવતા આજે સોસાયટીની ત્રીસ જેટલી મહિલાઓએ હંગામો મચાવીને નગરપાલિકામાં રજૂઆત કરી હતી. આ સંદર્ભે નગરપાલિકાના પ્રમુખે બેદરકાર કોન્ટ્રાટરને નોટીસ ફટકારીને બ્લેક લીસ્ટમાં મુકવા સુધીના પગલાં લેવાનો નિર્ણય લીધો છે.

કલોલના કલ્યાણપુરા પાસે સોમનાથનગર-૧ સોસાયટીના આંતરીક માર્ગ બનાવવા માટે થયેલી અનેક રજુઆતો બાદ તે માર્ગ બનાવવા નિર્ણય લેવાયો હતો અને અંતે ગ્રાન્ટ સેન્સન થી જતા ટેન્ડર પણ આપી દેવામાં આવ્યું હતું. આ માર્ગને બનાવવા માટે કોન્ટ્રાકટરે રેતી-કપચી તો ઠાલવી દીધી હતી પરંતુ મહિનાઓ થઈ ગયા બાદ પણ રસ્તો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી નથી. આખરે કંટાળેલી સોસાયટીની મહિલાઓ રણચંડી બની હતી અને હંગામો મચાવી તાત્કાલિક ધોરણે રસ્તો બનાવવાની કામગીરી શરૂ કરવા અને બેદરકારી તથા લાલીયાવાડી દાખવતા કોન્ટ્રાકટરો વિરૂદ્ધ પગલા લેવા નગરપાલિકામાં ઉગ્ર રજુઆત કરી હતી. કલોલ નગર પાલિકાના પ્રમુખ પ્રહલાદભાઈ પટેલે કોન્ટ્રાક્ટરને નોટીસ આપીને બ્લેકલીસ્ટમાં મુકવા સુધીના પગલા લેવાની અને રસ્તો બને તેટલુ જલ્દી બનાવવાની કામગીરી હાથ પર લેવડાવવાની બાંહેધરી આપતા ઉગ્ર બનેલી મહિલાઓ શાંત પડી હતી.

# ધમાસણા ગામમાંથી ૧૫ મણ લાકડા અને કેબલ વાયરની ચોરી

## વન તલાવડીમાંથી લીલા દેશી બાવળો ચોરનાર એક ઝડપાયો : બે કેબલ ચોરોની પણ ધરપકડ

કલોલ, તા.૧૦

કલોલ તાલુકાના ધમાસણા ગામમાં ચોરીના બે કિસ્સાઓ બનવા પામ્યા છે. વન તલાવડીમાંથી ગ્રામ પંચાયતના લીલા દેશી બાવળોના ૧૫ મણ લાકડા તથા એક ખેતરમાંથી ટયુબવેલના કેબલ વાયરોની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા છે. કલોલ તાલુકા પોલીસે બંને ચોરો અંગે ગુનો દાખલ કરી તપાસ કરીને લાકડાચોરીમાં એક શખ્સ અને કેબલ ચોરીમાં બે શખ્સોની ધરપકડ કરી પુછપરછ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ કલોલ તાલુકાના ધમાસણા ગામની સીમમાં વન તલાવડીમાંથી ગ્રામપંચાયતના લીલા દેશી બાવળોના લાકડા આશરે ૧૫ મણ કિ. રૂ. ૬૦૦ના કાપીને ચોરી કરી કોઈ શખ્સ ફરાર થઈ ગયા હતાં જે અંગે સરપંચ વિનુભાઈ પટેલે કલોલ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા તપાસ શરુ કરી હતી. દરમિયાન લાકડાચોર રણછોડજી વેલાજી ઠાકોરની પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી વૃક્ષછેદન ધારા હેઠળ શરુ કરી છે. તો બીજી તરફ ધમાસણામાં જ ભાઈલાલભાઈ શામળભાઈ પટેલના ખેતરમાં ટયુબવેલમાંથી આશરે ૧૦ મીટરનો ૪ હજારની કિંમતનો કેબલવાયર ચોરીને કોઈ શખ્સો ફરાર થઈ ગયા હતાં. પોલીસે ગત રાત્રીએ પેટ્રોલીંગ દરમિયાન શંકાસ્પદ હાલતમાં કેબલ લઈને જતાં બે શખ્સોને પકડીને પુછપરછ કરતાં તેમણે જ ભાઈલાલભાઈને ત્યાંથી કેબલ ચોર્યાની કબુલાત કરી લીધી હતી. કારોલી ગામની સીમમાં રહેતો જીતેન્દ્ર ઉર્ફે જીતુ પુંજાજી અને બનાસકાંઠા ના વડા વિસ્તારમાં રહેતો શનુભા બચુજી વાઘેલાની ધરપકડ કરી કલોલ તાલુકા પોલીસે વધુ તપાસ માટે સઘન પુછપરછ શરુ કરી છે.

# પંચવટીના ગાર્ડન સીટીમાં યુવાનનો ઊંદર મારવાની ગોળીઓ ખાઈ આપઘાત

## ધંધામાં કામનું ભારણ વધી જતા પગલું ભર્યું હોવાની આશંકા

કલોલ, તા.૧૦

કલોલના પંચવટી વિસ્તારમાં આવેલા ગાર્ડન સીટી ખાતે ૩૦ વર્ષીય યુવાને પોતાના ઘરે ઉંદર મારવાની ગોળીઓ ખાઈ લઈને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. યુવાનનો મૃતદેહ પીએમ માટે મોકલી કલોલ તાલુકા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે. પ્રાથમિક તપાસમાં યુવાને કામના ભારણને પગલે આપઘાત કરી લીધો હોવાનું પોલીસને જાણવા મળ્યું છે.

કલોલના ગાર્ડન સીટી, ૯૧૯, પંચવટી વિસ્તારમાં રહેતો ૩૦ વર્ષીય યુવાન ઓમપ્રકાશ હરફુલભાઈ પ્રજાપતિ ટાઈલ્સ સેટીંગનો વ્યવસાય કરતો હતો. મુળ રાજસ્થાનના આ યુવાનને ટાઈલ્સ ફીટીંગમાં આવી ગયેલી ફાવટથી હમણાંથી ધંધામાં કામનું ખુબ ભારણ વધી ગયું હતું અને સંખ્યાબંધ ઓર્ડરો આવી ગયા હતાં. કામના ભારણથી ચિંતામાં આવી ગયેલા યુવાને પોતાના ઘરે જ ઊંદર મારવાની ગોળીઓ ખાઈ લઈને જીવન લીલા સંકેલી નાંખી હતી. કલોલ તાલુકા પોલીસે તેનો મૃતદેહ પી.એમ. માટે મોકલી આપઘાતનું ચોકકસ કારણ મેળવવા તજવીજ શરુ કરી છે.

# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિમાં બે સભ્યો કો-ઓપ્ટ કરવા ચક્રો ગતિમાન

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિમાં બે સભ્યો કો.ઓપ્ટ કરવા માટેની દિશામાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આગામી ૨૪મી સપ્ટેમ્બરના રોજ મળનાર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં આ નિમણુંકો કરવામાં આવશે. કો.ઓપ્ટ સભ્યોની નિમણુંકને લઈ હાલ કોંગ્રેસપક્ષ પોતાના કાર્ડ છાતી સરખા રાખી રહી છે. જો કે જિલ્લા પંચાયતના જારી કરાયેલા એજન્ડામાં આ મુદ્દો સમાવવામાં આવ્યો છે પણ તેમાં નામોલ્લેખ કરવામાં આવ્યો નથી.

મળતી વિગતો મુજબ કો.ઓપ્ટ સભ્યની નિમણુંકને લઈ આખી શિક્ષણ સમિતિની રચના રદ કરવાની નોબત આવી હતી તેથી આ વખતે કોંગ્રેસપક્ષ છાશ ફૂંકી ફૂંકીને હોઠ સુધી લઈ જઈ રહી છે.

જિલ્લામાં ૧૯-૧-૨૦૧૨ની સામાન્ય સભામાં શિક્ષણ સમિતિની રચના અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૪૫(૩) મુજબ કરવામાં આવી હતી પરંતુ બે કો.ઓપ્ટ સભ્યોની નિમણુંક બાકી હતી. હાલ સમિતિમાં સાત સભ્યો છે. આ બે કો.ઓપ્ટ સભ્યોની નિમણુંક થતાં સભ્યોની સંખ્યા નવ થશે.

કોંગ્રેસ પક્ષના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પક્ષે બે સભ્યોની પસંદગી કરી લીધી છે અને તે માટે પ્રદેશ કક્ષાએ મંજૂરી મેળવવામાં આવી રહી છે. આ મંજૂરી પણ આ સપ્તાહના અંત સુધીમાં મળી ગયા બાદ તે અંગેના મેન્ડેટ તૈયાર કરવામાં આવશે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં બે કો.ઓપ્ટ સભ્યોની નિમણુંકનો એજન્ડામાં સમાવેશ થતાં રાજકીય ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે.

### પ્રવાસન રાજ્યમંત્રી જિતેન્દ્ર સુખડીયાની ખબર-અંતર પૂછતા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી

રાજ્યના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે વડોદરા ખાતે સ્પંદન હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મંત્રી શ્રી જીતેન્દ્રભાઈને સારા સ્વાસ્થ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

### રાષ્ટ્રીય તત્ત્વચિંતક સુબ્રમણયમ સ્વામી આગામી ૧૫મીએ પાલનપુરની મુલાકાતે

જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને યુ.પી.એ. સરકારની ઊંઘ હરામ કરનાર રાષ્ટ્રીય તત્વચિંતક સુબ્રમણયમ સ્વામી આગામી તા. ૧૫મી સપ્ટેમ્બરે પાલનપુરની મુલાકાતે આવશે અને તા. ૧૫મીએ રાત્રે ૮.૩૦ કલાકે પાલનપુરના કાનુભાઈ મહેતા હોલમાં તેમનું જાહેર પ્રવચન યોજાશે.

# જિલ્લામાં આજથી ઓરી વિરોધી અભિયાનનો આરંભ

## ૧૬૭૯ સાઈટો પર રસીકરણ કરાશે; જિલ્લામાં છ હાઇરિસ્ક એરિયા અને ૧૪ સ્પેશ્યલ ટીમો રચાઇ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં આવતીકાલથી ઓરી વિરોધી રસીકરણ અભિયાનનો આરંભ જિલ્લાની ૧૦૦ જેટલી પ્રાથમિક શાળાઓમાં એક સાથે થશે અને બે હજારથી વધુ બાળકોને પ્રથમ જ દિવસે આવરી લેવામાં આવશે.

આજે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાકેશ વૈદ્ય તથા આર.સી.એચ.ઓ. શ્રી આર વી પંડ્યાએ જણાવ્યું હતું કે જિલ્લાના ૨૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા આ ઝૂંબેશનું મોનીટરીંગ કરવામાં આવશે.

જિલ્લામાં આ માટે ૧૬૭૯ જેટલી સાઈટો નિયત કરવામાં આવી હોવાનું જણાવતાં આ અધિકારીઓએ જણાવ્યું હતું કે ૭૭૯ સ્કૂલો, ૮૭૯ આઉટ રીચ સાઈટ્સ, ૧૪ સ્પેશ્યલ ટીમ અને ૬ હાઈ રિસ્ક એરિયા મળી આ સાઈટો નક્કી કરવામાં આવી છે.

આ અધિકારીઓએ જણાવ્યું હતું કે જે છ હાઈ રિસ્ક ઝોન ઓળખી કાઢવામાં આવ્યા છે તેમાં ગાંધીનગરના બે અને માણસાના ૪ વિસ્તારોનો સમાવેશ થાય છે. જ્યારે ૧૪ જેટલા હાર્ડ ટુ રીચ ધી એરિયાને ઓળખી કાઢવામાં આવ્યા છે, તેમાં ૧૩ ગાંધીનગર તાલુકાના છે જ્યારે ૧ માણસા તાલુકાનો વિસ્તાર છે.

ડૉ. વૈદ્ય અને ડૉ. પંડ્યાએ જણાવ્યું હતું કે હાઈ રિસ્ક ઝોનમાં ઈંટવાડા, બાંધકામ સાઈટ જેવા વિસ્તાર છે.

ઑક્ટોબર માસના પ્રથમ સપ્તાહ સુધી આ ઝૂંબેશ ચાલશે અને અભિયાનમાં ૧,૯૨,૨૧૦ બાળકોને આવરી લેવામાં આવશે. બુધવારે મમતા દિવસ હોવાથી રસીકરણનો કાર્યક્રમ હાથ નહીં ધરાય. તેમણે જણાવ્યું હતું કે આ માટે ટીમોનું ગઠન અને તાલીમ પણ સંપન્ન થઈ ચૂકી છે. જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર રસીનો જથ્થો તથા નીડલ અને ઈન્જેક્શનનો જથ્થો પહોંચી ગયો છે.

### પાણી માટેનો ઈન્કાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

તકનીકી ખામી ઉભી થાય ત્યારે થોડાક સમય માટે આ યોજનાનું પાણી મેળવવામાં આવતું હોવાનું પણ બોર્ડના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લામાં ૫૦ ટકા ગામોએ નર્મદાનું પાણી લેવાના કરેલા ઈન્કાર પછી હવે તંત્રએ પણ જિલ્લાના સરપંચો સાથે એક અલાયદી બેઠક યોજી થનારા ફાયદાઓની સમજ આપવાનું આયોજન વિચારણામાં લીધુ છે.

પાણી પુરવઠા બોર્ડ દ્વારા હાલ ગ્રામ્ય વિસ્તારને રૂ. બે ના દરે એક હજાર લીટર પાણી આપવાની યોજના જે છે તેની જાણકારી સહિત જિલ્લાના ભૂગર્ભમાંથી વધુ પડતા જળ ખેંચાણને લઈ ઉભી થઈ રહેલ સ્થિતિની સાદી સમજ આપવા માટેની કવાયત હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

### નવો જિલ્લો બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૭મા નવા જિલ્લાની જાહેરાત પછી છોટાઉદેપુર જિલ્લો ગુજરાતનો ૨૮મો જિલ્લો બનશે. નવા છોટાઉદેપુર જિલ્લાની રચનાથી જિલ્લા વહીવટીતંત્રનું વિકેન્દ્રીકરણ થતાં જનતાની સેવા માટે વહીવટની પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બનશે એમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

મધ્ય ગુજરાતના વનવાસી ક્ષેત્રમાંથી વિરાટ સંખ્યામાં આદિજાતિ માનવ મહેરામણ આ પ્રસંગે ઉમટ્યો હતો. મેઘરાજાની મહેરથી પ્રસન્નચિત્ત આદિવાસીઓનું અભિવાન કરતાં મુખ્યમંત્રીએ અંબાજીથી ઉમરગામ સુધીના ૧૨ જિલ્લામાં પથરાયેલા સમગ્ર આદિવાસી પટ્ટામાં સમગ્ર આદિવાસી ક્ષેત્ર માટે રૂપિયા ૪૦૦૦ કરોડના બે મહત્ત્વાકાંક્ષી સિંચાઈ પ્રોજેક્ટના અમલ કરવાની જાહેરાત પણ કરી હતી.

# ફસાયેલી લીફટમાં દોઢ કલાકથી ગુંગળાઈ રહેલા યુવાનને બચાવી લેવાયો

## ફ્લેટની લીફ્ટ ભોયરામાં ઉતરી પડતા ઘટના સર્જાઈ : યુવાન અર્ધબેભાન થઈ ગયો હતો : લીફ્ટના લાયસન્સમાં બેકાળજી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના વાસણા હડમતીયા ગામમાં સ્થિત સાર્થક ફ્લેટની લીફ્ટમાં આજે સવારે અચાનક લીફ્ટ સીધી ભોંયરામાં ઉતરી પડતા એક કોલેજીયન યુવાન દોઢેક કલાક સુધી અંદર ફસાયેલો રહ્યો હતો. એક વ્યક્તિનું ધ્યાન ફસાયેલી લીફ્ટ પર પડતા અંદર ફસાયેલો યુવાન બેભાન હાલતમાં દેખાતા કાચ તોડીને ફારય બ્રિગેડને બોલાવી લેવામાં આવી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડ ઓફીસર તાબડતોબ સ્થળ પર આવી પહોંચ્યા હતા અને ગુંગળાઈને અર્ધબેભાન બની ગયેલા યુવાનને શિફતપૂર્વક બહાર નિકાળી તેને બચાવી લીધો હતો. આ લીફ્ટમાં સંખ્યાબંધ બેદરકારી હોવાનું બહાર આવતા લાયસન્સ આપ્યા સંદર્ભે અનેક સવાલો ઉભા થવા પામ્યા છે.

વાસણા-હળમતિયા ગામના સાર્થક ફ્લેટના બી-૪૦૪માં રહેતો કોલેજીયન યુવાન મિહીરભાઈ રાવલ સવારે કોલેજ જવા નીકળ્યો હતો. ત્યારે ફ્લેટની લીફ્ટ અચાનક ભોંયરામાં ઉતરી ગઈ હતી. દોઢેક કલાક બાદ ત્યાથી નીકળેલી એક વ્યક્તિએ ફસાયેલી લીફ્ટ પાસે જઈને જોયુ તો એક યુવાન પરસેવે રેબજેબ અર્ધબેભાન હાલતમાં લીફ્ટમાં પડ્યો હતો. તાત્કાલિક ગુંગળામણ દૂર કરવા કાચ ફોડીને તે સજ્જને ફ્લેટના રહેવાસીઓને તથા બિલ્ડરને બોલાવ્યા પરંતુ બિલ્ડર દેખાયા નહી. ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ કરતા ઓફીસર મહેશ મોડ તાત્કાલિક ઘટના સ્થળે ટીમ સાથે પહોંચી ગયા હતા અને લીફ્ટને મેન્યુઅલ ઓપરેટર કરીને શરૂ કરી દીધી હતી. અર્ધબેભાન યુવાનને દવાખાને ખસેડવા ૧૦૮ને બોલાવતા તેનું બ્લડપ્રેશર હાઈ થઈ ગયેલું જણાયું હતું. જો કે ફાયર ઓફીસરે સાંત્વના આપતા યુવાનનું બી.પી. નોર્મલ થયું હતું. આ લીફ્ટની તપાસ કરતા મહેશ મોડને ધ્યાને આવ્યું કે 'ધારાધોરણ મુજબ તેમાં ઈમર્જન્સી નંબર લખેલા ન હતા. લીફ્ટ ઈન્સ્પેક્ટરનું સર્ટી નહોતુ. ઈમર્જન્સી લાઈટ બંધ હતી. પી.એ. સીસ્ટમ બંધ હતી. લાયસન્સ આપનારની બેદરકારી છતી થતા એન.ઓ.સી. અંગે પ્રશ્નો ઉદ્દ્ભવ્યા છે.